**પ્રશ્ન**:-શું તમારી શાળામાં એસ .એમ.સી.એ શિક્ષણની દિશામાં પ્રથમપગલુંલેતાબાળક માટે રમતની સાથે શિક્ષણ આપવા માટેકોઈ નવીન પ્રવૃત્તિકરેલ હોય તો તેની માહિતી ટૂંકમાં આપો.

તારણ:-એસ.એમ.સી.સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનારએસ.એમ.સી.સભ્યનુંનામ પણ આપેલ છે.

૧)શાળામાંબાળકો નવા શબ્દો શીખે તે હેતુ થી શાળામાં શબ્દોની અંતાક્ષરીરમાડવામાં આવે છે જેથી બાળકો નવા નવા શબ્દો શોધી લાવે અને ભણવામાં રૂચી રહે.(પ્રવીણભાઈ મકવાણા-ભાવનગર)

૨)બાળકોને ૧ થી ૧૦૦ સુધીના અંકના કાર્ડ બનાવીને વર્ગ માં રાખવામાં આવ્યા છે ,શિક્ષકબોર્ડ પર અંક લખે તે બાળકો કાર્ડ માંથી શોધે અને ટીચરને કહે.આ પ્રવૃતિથી બાળકો ઝડપથી અંક શીખ્યા છે.(સોરઠીયાચંદુભાઈ-રાજકોટ)

૩)ટી.વી.માં અભ્યાસને લગતા એનિમેશન વાળા વીડિયો, એનિમેશન થકી બોધવાર્તાઓ,મૂળાક્ષરો વાળા કાર્ડ પર રંગ કામ આપીનેતથા કાર્ડ પર લખાવીને બાળકોને સરળતાથી શીખવાડી શકાય અને શાળાના વાતાવરણમાં ઢાળી શકાય.( રાજુભાઈદેસાઈ-ભાવનગર)

૪)ધોરણ એકમાં બાળકને અચોક્કસ પથ્થર આપવામાં આવે છે અને ત્યારબાદ શિક્ષક બોર્ડ પર કોઈ અંક લખે છે બાળકો તે અંક મુજબ પથ્થર ના જૂથ બનાવે છે. બાળકો આ પ્રવૃત્તિ હસ્તારમતા કરવાનીહોવાથી રસપૂર્વક કરે છે અને ઝડપથી ગાણિતિક મુદ્દા શીખે છે .( દુષ્યંતભાઈ મહેતા-ગીર સોમનાથ)

૫)શાળામાંનવાપ્રવેશલીધેલબાળકોનેશરુઆતમાં ચિત્રવાર્તા ,બાળઅભિનયગીત,પશુ-પક્ષીના અવાજો ,વાહનોના અવાજ કાઢવા,રમતો રમાડવી જેવીપ્રવૃતિદ્વારાતેમનેશાળામાં આવતાકરવાનુંલક્ષ રાખીને આ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે.(રસિકભાઇ પટેલ -અમદાવાદ)

6)શાળાની દીવાલ પર કક્કો અને અંક લખવામાં આવ્યા છે જેથી બાળકો રિશેષ તેમજ ફ્રી તાસ ના સમય માં ત્યાં જઈને સ્વ વાંચન કરી શકે.( વકતાભાઈ હડીયલ-બનાસકાંઠા)

૭)બાળકોને "કેટલા રે કેટલા –તમે કયો એટલા "રમત થકી બાળકોને અંક શીખવાડવામાં આવે છે .જેમાં શિક્ષક કોઈ એક સંખ્યા કહે છે તે મુજબ તેઓ જૂથમાં ગોઠવાઈ જાય છે.તથા આ પ્રવૃત્તિ થી બાળકોને સરવાળા અને બાદબાકી પણ શીખવાડી શકાય છે.(નરેશભાઈ પ્રજાપતિ-પાટણ)